# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/232 Dt. 05/12/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બરના પ્રતિનિધિ મંડળની સુરત એરપોર્ટની મુલાકાતઃ ઇન્ટરનેશનલ કનેક્ટિવિટી, ઇન્ફ્રાસ્ટ્રકચર અને ડોમેસ્ટીક ફલાઇટ્સ અંગે ચર્ચા થઇ

### ચેમ્બર દ્વારા સુરતથી વાયા દોહા યુએસએ ફલાઈટ સહિત નવી કનેક્ટિવિટીની માંગ

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીની આગેવાનીમાં ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, પૂર્વ પ્રમુખ શ્રી રજનિકાંત મારફતિય તથા ચેમ્બરની એવિએશન કમિટીના ચેરમેન શ્રી લિનેશ શાહ, એડવાઇઝર શ્રી મનોજ સિંગાપુરી, કો–ચેરમેન શ્રી રોહન દેસાઇ, શ્રી અરવિંદ બાબાવાલા અને શ્રી અતુલ પટેલ સહિતના પ્રતિનિધિ મંડળે મંગળવાર, તા. ૨ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટની મુલાકાત લઈને એરપોર્ટ ડાયરેકટર શ્રી એ.એન. શર્મા અને અન્ય અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ મુલાકાત દરમ્યાન એરપોર્ટના ઓપરેશન, ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ, એર ટ્રાફિક કન્ટ્રોલ, રનવે ક્ષમતા અને નવી આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટીને લઈને વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

સુરત એરપોર્ટના ડાયરેકટર શ્રી એ. એન. શર્માએ જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક મહિનાઓમાં ત્રણથી ચાર નવી ફલાઈટ્સ ઉમેરાઈ છે અને પેરેલલ ટેકસી ટ્રેકનું કામ પૂરું થઇ ગયું છે અને ડીજીસીએની પરમીશન પણ પણ મળી ગઇ છે, આથી ટુંક સમયમાં પેરેલલ ટેકસી ટ્રેકને ઉપયોગમાં લેવાશે, જેથી રનવેની ક્ષમતા બે ગણી થઇ

જશે. એરપોર્ટ પર ઇમરજન્સી એક્ઝિટ સિસ્ટમના અપગ્રેડેશન સહિત અનેક વિકાસ કાર્યો ચાલી રહ્યા છે, જેમાં લાઉન્જ તથા ડ્યુટી ફ્રી શોપ માટેની પ્રોસેસ ચાલુ છે.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળ દ્વારા સુરતથી વાયા દોહા થઇને યુએસએ માટેની ફલાઇટ (ઇન્ડીગો), સુરત–સિંગાપુર અને સુરત–હોંગકોંગ માટે આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટીને પણ મજબૂત બનાવવાની માંગ કરવામાં આવી હતી. ચેમ્બર વિવિધ એરલાઇન્સને નાઇટ ફલાઇટ માટે રજૂઆત કરશે.

આ બેઠક દરમ્યાન એરપોર્ટ પર બેંક શાખા અને એટીએમની જરૂરિયાત અંગે પણ ચર્ચા થઈ હતી. ચેમ્બરે, એસબીઆઇ બેંક સાથે સંકલન માટે મદદ કરવાની ખાતરી આપી હતી. ચેમ્બરે, એરપોર્ટ ઓથોરિટી સાથે સંયુક્ત રીતે વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજવાની રજૂઆત કરી હતી, જેને અધિકારીઓએ સ્વીકારી હતી.

સુરત એરપોર્ટ માસ્ટર પ્લાન ૨૦૪૭ અંગે એરપોર્ટ ડાયરેકટરે જણાવ્યું હતું કે, આ નેશનલ લેવલના 'વિકસિત ભારત' વિઝન ડોકયુમેન્ટનો ભાગ છે. શહેરના વિકાસને ધ્યાનમાં રાખીને એરપોર્ટ ઓથોરિટીએ ફરી સર્વે કરવાની જરૂર છે. આ સંદર્ભે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયાના ચેરમેન અને સિવિલ એવિએશન મંત્રાલય સમક્ષ રજૂઆત કરવામાં આવશે.

મુલાકાત દરમ્યાન ચેમ્બરના પ્રતિનિધિઓએ એરપોર્ટ ટર્મિનલ, એટીસી ટાવર અને વેન્ચુરા હેંગરની મુલાકાત લીધી હતી. વેન્ચુરાના અધિકારીઓ સાથે રીજનલ કનેક્ટિવિટી અને ભવિષ્યની ઉડ્ડયન અંગે ચર્ચા કરી હતી.